શ્રી માલદેવજી ઓડેદરા સ્મારક ટ્રસ્ટ સંચાલિત

# ડૉ. વિરમભાઈ રાજાભાઈ ગોઢાણિયા

મહિલા આર્ટ્સ, કોમર્સ, હોમસાયન્સ એન્ડ ઈન્ફર્મેશન ટેકનોલોજી કોલેજ

# જ્યોતિર્ગમય

To, ________________

પ્રકાશક - Books & Publication Division
Dr. V. R. Godhaniya Mahila College, Porbandar.
મુદ્રક : ''ગેલી પ્રિન્ટર્સ'' પોરબંદરમાં છપાવી તે જ સ્થળેથી પ્રગટ કર્યુ.
વર્ષ : ૬ - અંકઃ ૪૦ ફેબ્રુઆરી/માર્ચ/એપ્રિલ/મે-૨૦૧૫ (૦૨૮૬-૨૨૪૮૦૯૧)

## ૧) ડૉ. વી. આર. ગોઢાણિયા શૈક્ષણિક સંકુલનો ૨૭ મો વાર્ષિકોત્સવ દબદબાભેર સંપન્ન :- સૌરાષ્ટ્રના નામાંકિત શિક્ષણવિદ્દો તથા પોરબંદર જિલ્લાના મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિ

સૌરાષ્ટ્રના શિક્ષણજગતમાં પ્રતિષ્ઠિત ડૉ. વી.આર. ગોઢાણિયા શૈક્ષણિક સંકુલનો ૨૭ મો વાર્ષિકોત્સવ તા. ૦૧-ફેબ્રુઆરી, ૨૦૧૫ ના રોજ દબાદબાભેર સંપન્ન થયો. આ સમારંભના અધ્યક્ષપદે પોરબંદર જિલ્લાના કલેકટર શ્રી જે.સી. ચુડાસમાસાહેબ તથા મુખ્ય અતિથિશ્રી પોરબંદર વિસ્તારના માનનીય ધારાસભ્ય અને કેબિનેટ મંત્રીશ્રી બાબુભાઈ બોખીરીયા તથા અતિથિ વિશેષ પદે ઈન્ચાર્જ વાઈસ ચાન્સેલરશ્રી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ તથા ડીનશ્રી મેનેજમેન્ટ ફેકલ્ટી ડૉ. પ્રતાપસિંહ ચૌહાણ બિરાજમાન હતા. સાથે જ કોમર્સ વિદ્યાશાખા, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટના ડીનશ્રી ડૉ. શ્રીમતી દક્ષાબહેન ચૌહાણ પણ ઉપસ્થિત હતા. ઉપરાંત, સિન્ડિકેટ સભ્યશ્રી તથા ડીનશ્રી સભ્યશ્રી તથા શ્રી સાયન્સ ફેકલ્ટી ડૉ. ગિરિશભાઈ ભીમાણી તથા સિન્ડિકેટ સભ્યશ્રી ડૉ. નિદત બારોટ, સિન્ડિકેટ સભ્યશ્રી અશોકભાઈ મોઢા અને શ્રી વિજયભાઈ થાનકી પણ ઉપસ્થિત હતા તથા પૂર્વ રીડરશ્રી હિન્દી વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ તથા ડૉ. વી.આર.જી. મહિલા કોલેજના રિસર્ચ જર્નલ 'ખોજ' ના રેફરી ડૉ. ગિરિશભાઈ ત્રિવેદી પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

સાથે જ પોરબંદર નગરપાલિકાના પ્રમુખશ્રી પંકજભાઈ મજીઠીયા, શ્રી સ્વામીનારાયણ એમ.બી.એ. કોલેજના પ્રિન્સિપાલશ્રી ડૉ. વિરમકુમાર શીલુ, શ્રી કે.એચ. માધવાણી કોલેજના પ્રિન્સિપાલશ્રી, ડૉ. રામદતી સાહેબ, શ્રી એસ.એમ. જાડેજા કોલેજના પ્રિન્સિપાલશ્રી ઓડેદરા સાહેબ, શ્રી હેરમા સ્કૂલના પ્રમુખશ્રી રામજીભાઇ હેરમા, ચેમ્બર ઓફ કોમર્સના શ્રી જિજ્ઞેશભાઈ કારીયા તથા શ્રી પદુભાઈ રાયચુરા, સામાજિક આગેવાન શ્રી ભીમભાઈ ઓડેદરા, ડૉ. વી.આર.જી. શૈક્ષણિક સંકુલના પ્રમુખશ્રી ડૉ. વિરમભાઈ ગોઢાણિયા, શ્રીમતી જયશ્રીબહેન ગોઢાણિયા અને અન્ય ટ્રસ્ટીશ્રીઓ શ્રી ભરતભાઈ ઓડેદરા, શ્રીમતી શાંતાબહેન ઓડેદરા, શ્રી મધુભાઈ મહેતા તથા શ્રી ભરતભાઈ વિસાણા અને શ્રીમતી હિરાબહેન અર્જુનભાઈ મોઢવાડિયા પણ આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનો પ્રારંભ વેદમંત્રો, યોગાસન પિરામિડ તથા મા સરસ્વતીની સ્તુતિથી કરવામાં આવ્યો. આ પછી તરત જ ઉપસ્થિત મહાનુભાવોનું પુષ્પગુચ્છથી તથા પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગરસાહેબનાં સ્વાગત પ્રવચનથી આવકારવામાં આવ્યા.

આ પછી તરત જ શ્રીમતી જયશ્રીબહેન વિરમભાઈ ગોઢાણિયા ગર્લ્સ હાઈસ્કૂલની તેજસ્વિની કુ. ઈશિતા જોષીને સમગ્ર શાળામાં S.S.C. બોર્ડની પરીક્ષામાં પ્રથમ નંબર મેળવવા બદલ શ્રી બાબુભાઈ બોખીરીયાના વરદ હસ્તે અને કુ. કૃપા ચરડવાને H.S.C. બોર્ડની પરીક્ષામાં પ્રથમ નંબર મેળવવા બદલ કલેકટર શ્રી ચુડાસમાસાહેબના વરદ હસ્તે ગોલ્ડ મેડલ એનાયત કરી, સન્માનિત કરવામાં આવી. આ પછી તરત જ કલેકટરશ્રી ચુડાસમા સાહેબે પ્રાસંગિક ઉદ્દબોધન આપતા જણાવ્યું કે, 'આજના યુગમાં કોઈ પણ શહેર કે રાષ્ટ્રની પ્રગતિ માટે શિક્ષણ અનિવાર્ય છે. સરકારશ્રીના દરેક કાર્યક્રમને આગળ વધારવા માટેના આ સંસ્થાના પ્રયાસો પ્રસંશાપાત્ર છે.'

આ પછી તરત જ ડૉ. વી.આર.જી. કોલેજમાં સૌ યુનિવર્સિટી રાજકોટ દ્વારા માર્ચ-૨૦૧૪માં લેવાયેલ બી.કોમ. સેમેસ્ટર- ૬ની પરીક્ષામાં કોલેજ કક્ષાએ પ્રથમ અને યુનિ. કક્ષાએ છઠ્ઠો ક્રમ મેળવનાર કુ. મિનલ રાઠોડને ટ્રસ્ટીશ્રી શ્રીમતી જયશ્રીબહેન ગોઢાણિયાના વરદ હસ્તે તથા કોમર્સ-અંગ્રેજી માધ્યમમાં પ્રથમ નંબર મેળવનાર કુ. કરિશ્મા અમલાણીને વાઈસ ચાન્સેલર શ્રી પ્રતાપસિંહ ચૌહાણના વરદ હસ્તે ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યો તથા પ્રાસંગિક ઉદ્દબોધન આપતા ડૉ. ચૌહાણ સાહેબે જણાવ્યું કે, આ કોલેજ સૌરાષ્ટ્રના શિક્ષણ જગતમાં એક Brand Name છે. પોરબંદર તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું ગૌરવ છે. સાથે જ ડૉ. ચૌહાણ સાહેબે પોરબંદર તથા તેની આસપાસના દરિયા કાંઠાના ગ્રામીણ વિસ્તારોમાં મહિલા શિક્ષણના વિકાસ માટે ડૉ. વિરમભાઈ ગોઢાણિયા એ કરેલા પ્રયાસોને પણ બિરદાવ્યા હતા.

આ પછી તરત જ હોમસાયન્સ સેમે-૬ની પરીક્ષામાં કોલેજમાં પ્રથમ અને યુનિવર્સિટી કક્ષાએ પાંચમો ક્રમ મેળવનાર કુ. મિરાલી મદલાણીને ડૉ. ગીરીશભાઈ ભીમાણીના વરદ હસ્તે તથા બી.એ. સેમેસ્ટર-૬ની પરીક્ષામાં કોલેજ પ્રથમ કુ. આશા જોષીએ ડૉ. ગીરીશભાઈ ત્રિવેદીના વરદ હસ્તે ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યો.

આ પછી પ્રમુખશ્રી ડૉ. વિરમભાઈ ગોઢાણિયાએ સૌને આશીર્વચનો આપતા જણાવ્યું હતું કે, ડૉ. વી.આર. ગોઢાણિયા શૈક્ષણિક સંકુલના વિકાસમાં તેમના અધ્યાપકો તથા શિક્ષકોનો ફાળો અત્યંત મહત્વનો પુરવાર થયો છે. સાથે જ તેમણે જણાવ્યું હતું કે, 'પોરબંદરમાં સંશોધન પ્રવૃતિ વિકસાવવાની ખાસ જરૂરીયાત છે. નિષ્ઠાવાન શિક્ષકો, જાગૃત વાલીઓ અને મહેનતુ વિદ્યાર્થીઓ ત્રણેય, સાથે મળીને આ કાર્ય ચોક્કસ કરી શકશે.' તેવી પૂર્ણ શ્રદ્ધા પણ તેમણે વ્યક્ત કરી હતી.

આ પછી તરત જ કોલેજમાં કાર્યરત M.A. (અંગ્રેજી)માં પ્રથમ નંબર મેળવનાર કુ. કિંજલ રાઠોડને શ્રીમતી શાંતાબહેન ઓઠેદરાના વરદ

હસ્તે અને હોસ્ટેલની વિદ્યાર્થીની કુ. મીના સીદીભાઈને શ્રીમતી જયશ્રીબહેન ગોઢાણિયાના વરદ હસ્તે વિશિષ્ટ પુરસ્કાર એનાયત કરાયો હતો.

આ પછી પોરબંદર વિસ્તારના માનનીય ધારાસભ્ય શ્રી બાબુભાઈ બોખીરીયાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં જણાવ્યું કે, વિદ્યાર્થીનીઓએ પોતાનું ધ્યેય નક્કી કરવું ખુબ જરૂરી છે. ઉપરાંત, સારાં પુસ્તકોનું વાચન કરવા તથા પોઝીટીવ થિકીંગ રાખવા ઉપર તેમણે ભાર મુક્યો હતો અને પછી તરત જ ડૉ. વી.આર.જી. આઈ. ટી. કોલેજમાં કાર્યરત અભ્યાસક્રમો - બી.સી.એ., એમ.એસ.સી. (આઈ.ટી.) તથા પી.જી.ડી.સી.એ.માં કોલેજ કક્ષાએ પ્રથમ નંબર મેળવનાર કુ. આશા રાતિયાને શ્રીમતી હીરાબહેન મોઢવાડિયાના વરદ હસ્તે, કુ. ભાવિશા તન્નાને ડૉ. નિદત બારોટના વરદ હસ્તે તથા કુ. કોમલ ગોહેલને શ્રી ભરતભાઈ વિસાણાના વરદ હસ્તે ગોલ્ડ મેડલ એનાયત કરી સન્માનિત કરવામાં આવી તથા શ્રીમતી જયશ્રીબહેન વિરમભાઈ ગોઢાણિયા ગર્લ્સ હાઈસ્કૂલની કુ. વિધિ ઉપાધ્યાયને ટેબલ ટેનિસના ક્ષેત્રે ગુજરાત રાજય તથા રાષ્ટ્રીય કક્ષાએ ડૉ. વી.આર.જી. શૈક્ષણિક સંકુલનું નામ રોશન કરવા બદલ પ્રિ.શ્રી. ડૉ. નાગરસાહેબના વરદ હસ્તે વિશિષ્ટ પુરસ્કાર આપી સન્માન કરવામાં આવ્યું અને પછી ડૉ. વી.આર.જી. મહિલા કોલેજ દ્વારા પ્રકાશિત રીસર્ચ જર્નલ 'ખોજ અંક - ૭' નું સર્વે મહાનુભાવોના હસ્તે વિમોચન કરવામાં આવ્યું.

આ પછી રજુ કરાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમમાં-સંકુલમાં કાર્યરત પ્રાથમિક વિભાગ, માધ્યમિક વિભાગ, કોલેજ વિભાગ, આઈ.ટી. વિભાગ, ઉપરાંત, બી.બી.એ., બી.એડ્. તથા હોસ્ટેલ અને એમ.એ. (અંગ્રેજી) વિભાગના વિદ્યાર્થી ભાઈ-બહેનો દ્વારા તૈયાર કરેલ ગરબો, નૃત્ય, પંજાબી ડાન્સ, રાજસ્થાની ડાન્સ, ફ્યુઝન, કૃષ્ણલીલા જેવા કાર્યક્રમો રજુ કરાયા. અંતમાં, ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વિસાણાએ સૌનો આભાર માન્યો અને શાંતિપાઠ સાથે કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો.

કાર્યક્રમનું સુંદર સંચાલન મહિલા કોલેજના પ્રા.ડૉ. સંગીતાબહેન પારેખ તથા પ્રા. જાનકીબહેન કોટેચાએ કર્યું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં સાંસ્કૃતિક સમિતિના કન્વીનરશ્રી ડૉ. ભાવનાબહેન કેશવાલા, ડૉ. ઈલાબહેન થાનકી, ડૉ. વાઘેલા સાહેબ, પ્રા. સુહાગિનીબહેન ગરાસિયા, પ્રા. વર્ષાબહેન જોષી, શ્રી ભારતીબહેન શિંગરખીયા, પ્રા. નીતાબહેન બોરીસાગર, પ્રા. મિતલબહેન જેઠવા તથા કોલેજ પરિવાર અને સંકુલમાં કાર્યરત તમામ વિભાગના વડાઓ, શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ તથા વિદ્યાર્થી ભાઈ-બહેનોએ જહેમત ઉઠાવી હતી તથા સૌને વાઈસ પ્રિન્સિપાલશ્રી કગથરાસાહેબ, પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગરસાહેબ, ટ્રસ્ટીશ્રીઓ, શ્રી ભરતભાઈ વિસાણા તથા શ્રીમતી જયશ્રીબહેન વિસાણા અને પ્રમુખશ્રી ડૉ. વિરમભાઈ ગોઢાણિયાનું અમૂલ્ય માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું.

## ૨) ડૉ. વી. આર. ગોઢાણિયા મહિલા કોલેજમાં પારિતોષિક વિતરણ કાર્યક્રમની શાનદાર ઉજવણીઃ-

સૌરાષ્ટ્ર અને પોરબંદર જિલ્લાની પ્રતિષ્ઠિત મહિલા ઉચ્ચ શિક્ષણ સંસ્થા ડૉ. વી.આર.જી. મહિલા કોલેજમાં તા. ૭ ફેબ્રુઆરી ના રોજ, ૨૦૧૪-૧૫ ના શૈક્ષણિક વર્ષ દરમ્યાન થયેલી વિવિધ પ્રવૃતિઓમાં તથા સ્પર્ધાઓમાં શાનદાર પ્રદર્શન કરી, ડૉ. વી.આર.જી. મહિલા કોલેજની પ્રતિષ્ઠામાં ચાર ચાંદ લગાવનાર વિદ્યાર્થીનીઓને સન્માનિત કરવાનો એક શાનદાર સમારંભ યોજાઈ ગયો.

સાંજના ૫ઃ૦૦ વાગ્યે શરૂ થયેલા આ કાર્યક્રમમાં ડૉ. વિરમભાઈ ગોઢાણિયા તથા શ્રી ભરતભાઈ વિસાણા ખાસ હાજર રહ્યા હતા. કાર્યક્રમનો પ્રારંભ વેદમંત્રોથી કરવામાં આવ્યો અને આ પછી તરત જ મંચસ્થ મહાનુભાવો ડૉ. વિરમભાઈ ગોઢાણિયા, શ્રીમતી જયશ્રીબહેન ગોઢાણિયા, શ્રી ભરતભાઈ વિસાણા, હોસ્ટેલ એડમિનિસ્ટ્રેટર શ્રી પુષ્પાબહેન જોષી, પ્રિ.શ્રી. ડૉ. નાગરસાહેબ તથા વાઈસ પ્રિ.શ્રી હરિભાઈ કગથરા સાહેબના વરદ હસ્તે દિપપ્રાગટ્ય કરાયું અને સાથે જ પ્રિ.શ્રી. ડૉ. નાગરસાહેબે મંચસ્થ મહાનુભાવોનું શબ્દોથી સ્વાગત કરવાની સાથોસાથ વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન મહિલા કોલેજમાં થયેલી પ્રવૃતિઓનો અહેવાલ રજુ કર્યો અને પછી મહિલા કોલેજની વિદ્યાર્થીનીઓએ મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું.

આ પછી પ્રમુખશ્રી ડૉ. વિરમભાઈ ગોઢાણિયાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં જણાવ્યું કે, 'સંસ્થાનું ધ્યેય સાક્ષરતાની સાથોસાથ ઉચ્ચ અને મૂલ્યનિષ્ઠશિક્ષણ આપવાનું પણ છે. સાથે જ તેમણે પોરબંદરમાં ડીમ્ડ યુનિવર્સિટીની સ્થાપના કરવાનું પોતાનું સ્વપ્ન પણ સૌની સમક્ષ રજૂ કર્યું.' આ પછી તરત જ મહિલા કોલેજની, આઈ.ટી. વિભાગની, પ્રથમ વર્ષની વિદ્યાર્થીનીઓ દ્વારા તૈયાર કરાયેલ મેગેઝીન **'Byte'** નું વિમોચન મંચસ્થ મહાનુભાવોના વરદ હસ્તે કરવામાં આવ્યું.

ત્યારબાદ ઈનામ વિતરણ કાર્યક્રમ અંતર્ગત ઉપસ્થિત મહાનુભાવો દ્વારા મહિલા કોલેજની ત્રણેય વિદ્યાશાખાઓમાં ડિસ્ટીંકશન મેળવનાર બી.કોમ. માંથી ૧૧૬, બી.એ. માંથી ૮૨ અને બી.એસ.સી. (હોમસાયન્સ) માંથી ૦૮ તથા એમ.એ. (અંગ્રેજી) માંથી પ્રથમ વર્ગ મેળવનાર ૧૦ વિદ્યાર્થીનીઓને ફાઈલ, પેન અને સર્ટિફીકેટ એનાયત કરી, સન્માનિત કરવામાં હતી. ઉપરાંત, કોલેજમાં ચાલતી અભ્યાસેતર પ્રવૃતિઓ, નિયમિતતા, એન.એસ.એસ.માં Voluntaring, રમતગમત, C.C.D.C. દ્વારા આયોજીત સ્પર્ધાઓમાં તથા પોરબંદર જિલ્લા કક્ષાની Open Porbandar સ્પર્ધામાં, યુવા મતદાર મહોત્સવ અંતર્ગત યોજાયેલી સ્પર્ધાઓમાં તથા સ્વામી વિવેકાનંદ કેન્દ્ર દ્વારા આયોજીત નિબંધ સ્પર્ધા અને પ્રચાર-પ્રસાર સ્પર્ધામાં પ્રથમ ત્રણની અંદર વિજેતા ક્રમાંક મેળવીને, કોલેજની શાન વધારનાર વિદ્યાર્થીનીઓને પણ ફાઈલ, પેન અન સર્ટીફિકેટ આપીને પરસ્કૃત કરવામાં આવી.

આ પછી વિદ્યાર્થીનીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો. જેમાં ગણેશસ્તુતિ, ગ્રુપડાન્સ, ગુજરાતી

ગરબો, પંજાબી અને રાજસ્થાની ડાન્સ, તલવારબાજી, નાટક, દેશભક્તિ નૃત્ય અને કૃષ્ણલીલા જેવા કાર્યક્રમોમાં મહિલા કોલેજ ઉપરાંત, આઈ.ટી. કોલેજ અને બી.એડ્. કોલેજની વિદ્યાર્થીનીઓએ પણ ઉત્સાહભેર ભાગ લીધો. અંતમાં, પ્રા. ઋષિતા ભટ્ટ દ્વારા આભારવિધિ કરવામાં આવી અને શાંતિપાઠ સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. સુલભાબહેન દેવપુરકર, ડૉ. વાઘેલાસાહેબ, પ્રા. નીતાબહેન બોરીસાગર, પ્રા. મિતલબહેન જેઠવા તથા કુ. નમ્રતા જાદવ અને કુ. માયા ઓડેદરા દ્વારા કરવામાં આવ્યું. કાર્યક્રમને સફળ બનાવવામાં સાંસ્કૃતિક સમિતિના કન્વીનરશ્રી ડૉ. ભાવનાબહેન કેશવાલા તથા અન્ય સભ્યશ્રીઓએ જહેમત ઉઠાવી હતી તથા અંતમાં, ડૉ. વિરમભાઇ ગોઢાણિયા, સમગ્ર ટ્રસ્ટીગણ, પ્રિ.શ્રી. ડૉ. નાગરસાહેબ તથા વાઈસ પ્રિન્સિપાલશ્રી કગથરા સાહેબે સૌને અભિનંદન પાઠવ્યાં હતા. આ દિવસે સપ્તધારા પ્રદર્શનનું પણ આયોજન કરાયું હતું.

## ૩) ૨૧ મી સદીમાં મૂલ્યનિષ્ઠ શિક્ષણ – પડકારો અને સંભાવનાઓ – ડૉ વી.આર.જી. મહિલા કોલેજમાં જીલ્લા કક્ષાનો વિદ્યાર્થી સેમિનાર સંપન્નઃ–

પોરબંદરની ઉચ્ચ મહિલા શિક્ષણ સંસ્થા ડૉ. વી.આર.જી. મહિલા કોલેજમાં તા. ૨૮ ફેબ્રુઆરી ૨૦૧૫ ના રોજ '૨૧ મી સદીમાં મૂલ્યનિષ્ઠ શિક્ષણ-પડકારો અને સંભાવનાઓ' નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પોરબંદર જિલ્લાની તમામ કોલેજોના વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

સેમિનારનો શુભારંભ સવારે ૭ઃ૪૫ વાગ્યે પોરબંદરની શ્રી ગુરૂકુળ મહિલા કોલેજ, શ્રી કે.એચ. માધવાણી કોલેજ, શ્રી આર.જી.ટી. બી.એડ્. કોલેજ, શ્રી એસ.એમ. જાડેજા કોલેજ, કુતિયાણા તથા ડૉ. વી.આર.જી. શૈક્ષણિક સંકુલમાં કાર્યરત આઈ.ટી. કોલેજ તથા બી.એડ. કોલેજમાંથી આમંત્રિત અધ્યાપકશ્રીઓ તથા મહિલા કોલેજના પ્રિ.શ્રી ડૉ.નાગરસાહેબ તથા બી.એડ્. કોલેજના પ્રિ.શ્રી. ડૉ. ભરડાસાહેબના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યો. એ સમયે કોલેજની વિદ્યાર્થીની કુ. પ્રિયા ચૌહાણએ સરસ્વતી સ્તુતિ રજુ કરી. પછી તરત જ આંમત્રિત અતિથિઓનું સ્વાગત કરતા પ્રિ.શ્રી. એ. જણાવ્યું કે, 'આજે વિશ્વને સૌથી વધુ જરૂર મૂલ્યોની છે. ધન આવશે અને જશે, પરંતુ નૈતિકતા હશે તો ચોક્કસ પ્રગતિ થશે.' આ પછી અતિથિઓનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યા બાદ Key Note Lecture આપતા ડૉ. ભરડા સાહેબે જણાવ્યું કે, ''આજના વાતાવરણમાં મૂલ્યો અને મૂલ્યશિક્ષણ અનિવાર્ય છે. માનવસમાજમાં અનેક પાયાનાં મૂલ્યો છે. દરેક વ્યક્તિનાં મૂલ્યો અલગ-અલગ હોય શકે. સત્ય, કર્તવ્યનિષ્ઠા, પ્રામાણિકતા અહિંસા, પરોપકાર વિગેરે જેવા અનેક મૂલ્યોમાંથી એકાદ-બે મૂલ્યોને પકડી લઇને જીવનભર વળગી રહેવાથી ચોક્કસ લાભ થાય.''

આ પછી તરત જ જુદી જુદી થીમ ઉપર આધારીત પાંચ પેરેલલ સેશનમાં વિદ્યાર્થીઓએ તૈયાર કરેલા પેપર પ્રેઝન્ટ કરવામાં આવ્યા હતા. સેમિનારમાં કુલ ૯૬ રજીસ્ટ્રેશન કરવામાં આવ્યા હતા. જેમાંથી ૮૧ પેપરોનું વાચન કરવામાં આવ્યું. આ પાંચ સેશનમાં પ્રા. કંચનાબહેન મોઢા, પ્રા. કીરીટભાઈ જોષી, ડૉ. હર્ષાબહેન મદલાણી, પ્રા. રમાબહેન ગોહેલ તથા ડૉ. રામચંદ્ર મહેતા, ચેરપર્સન તરીકે બિરાજમાન તા. તથા કો-ચેર પર્સન તરીકે ચંદ્રિકાબહેન કક્કડ, પ્રા. અનસૂયાબહેન ચૌધરી, પ્રા. ધવલભાઈ ખેર, પ્રા. હિનાબહેન ઓડેદરા તથા પ્રા. શૈલેષભાઈ મહેતા બિરાજમાન હતા. કાર્યક્રમના અંતે દરેક સેશનમાંથી ત્રણ વિજેતા પેપર જાહેર કરીને દરેકને શિલ્ડ અને સર્ટિફીકેટથી સન્માનિત કરાયા હતા. ઉપરાંત, થીમ-૨ માં પી.જી. અને બી.એડ્. ના વિદ્યાર્થી ભાઈ-બહેનો પણ સામેલ હોવાથી તેમને પણ અલગ વિજેતાક્રમ અપાયો હતો. પૂર્ણાહિત સમારંભમાં એડમિનિસ્ટ્રેટર શ્રી પુષ્પાબહેન જોષી પણ ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન થાનકી વર્ષા, ચરડવા કૃપા, સચદેવ મિરાલી તથા ચૌહાણ પ્રિયાએ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં સેમિનાર સમિતિ તથા રિસર્ચ સમિતિના તમામ સભ્યો ઉપરાંત પ્રાધ્યાપકગણ તથ વિદ્યાર્થીનીઓએ જહેમત ઉઠાવી હતી અને તમામને વાઈસ પ્રિ.શ્રી. કગથરા સાહેબ, પ્રિ.ડૉ. નાગર સાહેબ અને ટ્રસ્ટીશ્રીઓ ભરતભાઈ વિસાણા તથા શ્રીમતી જયશ્રીબહેન ગોઢાણિયા તથા પ્રમુખશ્રી ડૉ. વિરમભાઈ ગોઢાણિયાએ અભિનંદન પાઠવ્યાં હતા.

## ૪) ડૉ. વી.આર.જી. મહિલા કોલેજમાં 'AAA-G' Team ની મુલાકાત :–



પોરબંદરની મહિલા ઉચ્ચ શિક્ષણ સંસ્થા ડૉ. વી.આર.જી. મહિલા કોલેજમાં તા. ૧૬ અને ૧૭ એપ્રિલ-૨૦૧૫ ના રોજ **AAA-G (Academic & Administrative Audit - Gujarat or Global** ) ની ટીમ મુલાકાત માટે આવી હતી. જેમાં **KCG** દ્વારા નિમાયેલા, (૧) ચેરપર્સન - ડૉ. એસ.બી. સોલંકી સાહેબ (ઈન્ચાર્જ પ્રિ.શ્રી ગુજરાત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ-અમદાવાદ), (૨) કો-ઓર્ડિનેટર





- ડૉ. વી. એમ. વનાર સાહેબ (પ્રિ.શ્રી આઈ. વી. પટેલ કોમર્સ કોલેજ-નડિયાદ), (૩) સભ્ય - ડૉ. ભૂપેશ યાજ્ઞિક (ઈન્ચાર્જ પ્રિ. ગવર્નમેન્ટ સાયન્સ કોલેજ-મણિનગર-અમદાવાદ), (૪) સભ્ય - ડૉ. મિનાક્ષીબેન ત્રિપાઠી (એસોસિએટ પ્રો. શ્રી એસ.પી.ટી. મહિલા કોલેજ, સુરત) સામેલ હતા. જેમણે આ બે દિવસો દરમિયાન પ્રિ.શ્રી., IQAC ના સભ્યશ્રીઓ, પ્રાધ્યાપકગણ, વહીવટી કર્મચારીઓ, ભૂતપૂર્વ અને વર્તમાન વિદ્યાર્થીનીઓ, વાલીશ્રીઓ તથા ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વિસાણા સાહેબ સાથે મિટિંગ કરી હતી. સમગ્ર શૈક્ષણિક અને વહીવટી વ્યવસ્થા તથા માળખાગત સુવિધાઓની ઝીણવટપૂર્વક નિરીક્ષણ કર્યું હતું તથા મહિલા હોસ્ટેલની પણ મુલાકાત લીધી હતી.

તા. ૧૭ એપ્રિલના રોજ યોજાયેલા પૂર્ણાહુતિ સમારંભમાં ચેરપર્સન શ્રી સોલંકી સાહેબે કોલેજ સાથે જોડાયેલા ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વિસાણા પ્રિ.શ્રી ડૉ. નાગરસાહેબ, પ્રાધ્યાપકગણ, વહીવટી કર્મચારીઓ, ભૂતપૂર્વ અને વર્તમાન વિદ્યાર્થીનીઓ, વાલીશ્રીઓ તથા સમગ્ર કોલેજના વ્યવસ્થાતંત્રની ઘણી પ્રશંસા કરી હતી તથા સંતોષ વ્યક્ત કર્યો હતો. મહિલા હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ તથા એડમિનિસ્ટ્રેટર પુષ્પાબહેન જોષીની કામગીરી પણ તેમને ઘણી પસંદ પડી હતી. આ સમારંભમાં પોરબંદરની અન્ય કોલેજના પ્રિ.શ્રીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## ૫) ડૉ. વી.આર.જી. મહિલા કોલેજના પ્રાધ્યાપકને પી.એચ.ડી. ગાઈડ તરીકે માન્યતા :-

ડૉ. વી.આર.જી. મહિલા કોલેજના હિન્દી વિભાગના અધ્યક્ષ ડૉ. વાઘેલા સાહેબને માર્ચ-૨૦૧૫ થી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ દ્વારા Ph. D. Guide તરીકે માન્યતા પ્રાપ્ત થઇ છે.

એ બાબત નોંધનીય છે કે, ડૉ. વી.આર.જી. મહિલા કોલેજની વિદ્યાર્થીનીઓની સાથોસાથ પ્રાધ્યાપકશ્રીઓ પણ સતત પ્રગતિ કરતા જ રહે છે. વર્ષ : ૨૦૧૩-૧૪ દરમ્યાન મહિલા કોલેજના પ્રાધ્યાપકશ્રી ડૉ. સ્મિતાબહેન આચાર્યએ Ph.D. ની ડિગ્રી મેળવી છે અને તે સાથે મહિલા કોલેજમાં Ph.D. ડિગ્રી ધરાવતા પ્રાધ્યાપકશ્રીઓની સંખ્યા ૧૩ ની થઇ છે અને ૨૦૧૪-૧૫ વર્ષમાં ડૉ. વાઘેલા સાહેબે Ph.D. ના Guide તરીકેની માન્યતા મેળવી તેની સાથે મહિલા કોલેજમાં (પ્રિન્સિપાલશ્રી સહિત) Ph.D. ના Guide ની સંખ્યા પણ ૦૪ ની થઇ છે. આ તકે ડૉ. વી.આર. જી. શૈક્ષણિક સંકુલના પ્રમુખશ્રી ડૉ. વિરમભાઈ ગોઢાણિયા તથા પ્રિ.શ્રી ડૉ. નાગરસાહેબ અને સમગ્ર કોલેજ પરિવારે વાઘેલા સાહેબને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યાં છે.

## ૬) C.C.D.C./UDISHA અંતર્ગત પ્રવૃતિઓ :-

ફેબ્રુઆરી-૨૦૧૫ના અંતે, M.C.Q. Test પૂર્ણ થયા બાદ B.Com. sem-6 ની વિદ્યાર્થીનીઓને Egyan Website માં રજીસ્ટ્રેશન અંગેની માહિતી પુરી પાડીને, આશરે ૧૮૦ જેટલી વિદ્યાર્થીઓની નોંધણી UDISHA હેઠળ કરવામાં આવી.

## ૭) Youth Red Cross અંતર્ગત પ્રવૃતિઓ :-

૧) ફેબ્રુઆરી-૨૦૧૫માં - 'સ્લોગન લેખન સ્પર્ધાનું' આયોજન કરવામાં આવ્યું જેમાં નિર્ણાયકશ્રી ડૉ. ચેતનાબહેન બેચરા હતા અને પ્રથમ વિજેતા તરીકે કુ. હેતલ ગોસ્વામીને જાહેર કરવામાં આવ્યા.

૨) યુથ રેડક્રોસમાં જોડાયેલી વિદ્યાર્થીનીઓ દ્વારા Family Planning અંગેની માહિતી મેળવવા હેતુથી મહિલા કોલેજમાં કાર્યરત Health Center ની મુલાકાત લેવામાં આવી. જ્યાં ડૉ. જયશ્રીબહેન પરમાર દ્વારા વિદ્યાર્થીનીઓને ઉપયોગ માહિતી પુરી પાડવામાં આવી.

૩) માર્ચ-૨૦૧૫ માં Expert Lecture નું આયોજન કરાયું. જેમાં પ્રા. દેવાયતભાઈ બાકુએ 'તરૂણોની સમસ્યા અને નિવારણ' એ વિષય પર વ્યાખ્યાન આપ્યું. તથા,

૪) AIDS Awareness Poster Competition નું આયોજન કરવામાં આવ્યું. જેમાં ડૉ. ચેતનાબહેન બેચરા તથા ડૉ. કેતનભાઈ

શાહએ નિર્ણાયકશ્રી તરીકે સેવાઓ આપી અને તેમાં નીચેની વિદ્યાર્થીનીઓ વિજેતા જાહેર થઈ. (૧) જાદવ રેખા અને મસાણી હેતલ, (૨) ધોકીયા જિજ્ઞાસા અને ગોરાણિયા સોનલ તથા (૩) સીડા રિદ્ધિ તથા સીડા આરતી.

## ૮) ત્રિવેણી સંગમ કાર્યક્રમ :-

ડૉ.વી.આર. જી. મહિલા કોલેજમાં દર વર્ષે આર્ટ્સ, કોમર્સ અને હોમસાયન્સ વિદ્યાશાખાઓમાં અને આર્ટ્સ વિદ્યાશાખાના દરેક વિષયોમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓ, વર્તમાન વિદ્યાર્થીનીઓ અને વાલીશ્રીઓમાં સ્નેહમિલનના ત્રિવેણી સંગમ કાર્યક્રમનું આયોજન કરાય છે. તે અનુસાર, મહિલા કોલેજમાં, કાર્યરત ગુજરાતી વિભાગ, સંસ્કૃત વિભાગ તથા હોમ સાયન્સ વિદ્યાશાખાના ત્રિવેણી સંગમ કાર્યક્રમનું આયોજન ફેબ્રુઆરી-૨૦૧૫ માં કરવામાં આવ્યું હતું.

### ૧) ગુજરાતી વિભાગ :- (તા. ૦૪-૦૨-૨૦૧૫)

### ૨) હોમસાયન્સ વિભાગ :- (તા. ૦૯-૦૨-૨૦૧૫)

હોમસાયન્સ વિદ્યાશાખાના ત્રિવેણી સંગમ કાર્યક્રમમાં ટ્રસ્ટીશ્રી શ્રીમતી જયશ્રીબહેન ગોઢાણિયા તથા હોસ્ટેલ એડમિનિસ્ટ્રેટર શ્રી પુષ્પાબહેન જોષી અને પ્રિ.શ્રી ડૉ. નાગર સાહેબ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનો શુભારંભ ઉપરોક્ત મહાનુભાવો તથા ઉપસ્થિત વાલીશ્રીઓના હસ્તે દિપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યો. પ્રિ.શ્રી ડૉ. નાગરસાહેબે પોતાનાં સ્વાગત પ્રવચનમાં હોમ સાયન્સમાં ઉપયોગી વિવિધ વિષયો અંગે માહિતી પુરી પાડી. શ્રીમતી જયશ્રીબહેન ગોઢાણિયાએ પોતાના પ્રાસંગિક ઉદ્દબોધનમાં જણાવ્યું કે, 'વિદેશમાં યુવતીઓની સાથો સાથ યુવકો પણ હોમસાયન્સનો અભ્યાસ કરે છે અને વર્ગમાં બંનેની સંખ્યા ૫૦% (એટલે કે અર્ધો અર્ધ) હોય છે.' શ્રી પુષ્પાબહેન જોષીએ પોતાના વકતવ્યમાં હોમસાયન્સની વિદ્યાર્થીઓ દરેક વિષયમાં નિષ્ણાત બને તે બાબત પર ભાર મૂક્યો હતો અને વિભાગ અધ્યક્ષ ડૉ. ચેતનાબહેન બેચરાએ હોમસાયન્સની વિદ્યાર્થીઓને પોતાની આગવી ઓળખ ઉભી કરવા જણાવ્યું હતું.

આ પછી તરત જ હોમસાયન્સની વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કર્યો હતો. કાર્યક્રમનું સુંદર સંચાલન કુ. હેતલ ગોસ્વામી અને કુ. જાગૃતિ શિંગરખીયાએ કર્યું હતું. અંતમાં, આભારવિધિ પ્રા. નાથીબહેન રાજશાખાએ કરી હતી અને રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા માટે હોમસાયન્સ વિદ્યાશાખા સાથે જોડાયેલા ડૉ. સ્મિતાબહેન આચાર્ય, ડૉ. કેતનભાઈ શાહ, પ્રા. દક્ષાબહેન ચોટાઈ, શ્રી ભારતીબહેન શિંગરખીયા તથા વિદ્યાર્થીનીઓએ પણ જહેમત ઉઠાવી હતી.

### ૩) સંસ્કૃત વિભાગ :- (તા. ૧૨-૦૨-૨૦૧૫)

સંસ્કૃત વિભાગ દ્વારા આયોજીત કાર્યક્રમમાં પણ ટ્રસ્ટીશ્રી શ્રીમતી જયશ્રીબહેન ગોઢાણિયા તથા હોસ્ટેલ એડમિનિસ્ટ્રેટર શ્રી પુષ્પાબહેન જોષી અને પ્રિ.શ્રી. ડૉ. નાગરસાહેબ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનો શુભારંભ ઉપરોક્ત મહાનુભાવો, અધ્યાપકશ્રીઓ તથા વિદ્યાર્થીનીઓ દ્વારા દિપપ્રાગટ્ય કરીને કરાવામાં આવ્યો અને પછી તરત જ ટી.વાય.બી.એ. સંસ્કૃતની વિદ્યાર્થીનીઓ દ્વારા વેદમંત્રોનું ગાન કરવામાં આવ્યું અને પછી કુ. પારૂલ ચાવડાએ પ્રાર્થના રજુ કરી અને ત્યારબાદ વિભાગ અધ્યક્ષ ડૉ. ગીતાબહેન ઉનડકટએ સંસ્કૃત વિભાગ દ્વારા ૨૦૧૪-૧૫ ના શૈક્ષણિક વર્ષ દરમ્યાન કરવામાં આવેલી પ્રવૃતિઓનો અહેવાલ રજુ કર્યા. આ પછી પ્રિ.શ્રી ડૉ. નાગરસાહેબે વિદ્યાર્થીનીઓને આશીવર્ચનો પાઠવ્યાં. શ્રી પુષ્પાબહેન જોષીએ સંસ્કૃત ભાષાનું મહત્વ સમજાવ્યું અને શ્રીમતી જયશ્રીબહેન ગોઢાણિયાએ વિદ્યાર્થીનીઓને ભાવિ ઉજ્જવળ કારકીર્દિ માટે શુભેચ્છાઓ પાઠવી.

આ પછી રજુ કરાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમમાં વિદ્યાર્થીનીઓ દ્વારા નુત્ય, ગ્રુપ ડાન્સ, ગરબો, માઈમ અને નાટક જેવી કૃતિઓ રજુ કરવામાં આવી હતી. અંતમાં, આભારવિધિ કુ. પારૂલ ચાવડાએ કરી અને રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમ પુરો થયેલો જાહેર કરવામાં આવ્યો. કાર્યક્રમનું સુંદર સંચાલન કુ. વર્ષા થાનકીએ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં સંસ્કૃત વિભાગના પ્રાધ્યાપકશ્રીઓ, વર્ષાબહેન જોષી તથા શૈલેષભાઈ મહેતા અને વિદ્યાર્થીનીઓને પણ જહેમત ઉઠાવી હતી.

## ૯) સ્કાઉટ એન્ડ ગાઈડ અંતર્ગત પ્રવૃતિ :-

તા. ૦૧-૦૩-૧૫ ના રોજ, સ્કાઉટ એન્ડ ગાઈડની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું.

## ૧૦) મહિલા કોલેજમાં ડૉ. આંબેડકર સાહેબની ૧૨૪ મી જન્મજયંતિની ઉજવણી :-

મહિલા કોલેજમાં તા. ૧૪ એપ્રિલના રોજ, સ્વતંત્ર ભારતના બંધારણના ઘડવૈયા અને ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૪ મી જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમના પ્રારંભમાં ડૉ. આંબેડકરની છબીને પુષ્પો અર્પિત કર્યા પછી કુ. પ્રિયા ચૌહાણ દ્વારા સરસ્વતી વંદના કરવામાં આવી. ત્યારબાદ ડૉ. બાબાસાહેબ આંબેડકર સાહેબના જીવન સાથે સંબંધિત એક વકતૃત્વ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦ જેટલી વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. આ પછી ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વિસાણા તથા પ્રિ.શ્રી. ડૉ. નાગરસાહેબે પોતાના પ્રાસંગિક ઉદ્દબોધનમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરને સન્માનપૂર્વક યાદ કર્યા હતા. પછી તરત જ હોસ્ટેલ એડમિનિસ્ટ્રેટર શ્રી પુષ્પાબહેન જોષી

સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. રેખાબહેન મોઢાએ 'ડૉ. બાબાસાહેબ આંબેડકરના ભારતીય સમાજજીવનનાં વિવિધ ક્ષેત્રોમાં પ્રદાન' એ અંગે જાણકારી પુરી પાડી હતી. કાર્યક્રમના અંતે જાહેર કરાયેલા વકતૃત્વ સ્પર્ધાના પરિણામમાં, (૧) કુ. સેજલ શિંગરખીયા (બી.એ.સેમ-૬), (૨) કુ. ખુશ્બુ લોઢારી (બી.કોમ.સેમ-૨) અને (૩) કુ. દિપ્તી બદીયાણી (બી.કોમ.સેમ-૨) ને વિજેતા જાહેર કરીને શિલ્ડ અપાયા હતા. કુ. અવની કડછાને આશ્વાસન ઈનામ જાહેર કરાયું હતું. નિર્ણાયકશ્રી તરીકે શ્રી કલ્પનાબહેન જોષી તથા ડૉ. સ્મિતાબહેન આચાર્યએ ફરજ બજાવી હતી. કાર્યક્રમનું સંચાલન કુ. પ્રિયા ચૌહાણ અને વાઘેલા સાહેબએ કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવામાં વાઈસ પ્રિ.શ્રી. કગથરા સાહેબ, પ્રિ.શ્રી ડૉ. નાગરસાહેબ તથા ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વિસાણા એ જહેમત ઉઠાવી હતી.

## ૧૧) સપ્તધારા અંતર્ગત પ્રવૃતિઓ :–

### ૧) રંગકલાકૌશલ્ય ધારા :-

★ તા. ૮-૩-૨૦૧૫ ના રોજ, હોમ ડેકોરેટીવ આર્ટ અંગેના એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું.

★ તા. ૧૫-૩-૨૦૧૫ ના રોજ, 'વેસ્ટમાંથી બેસ્ટ' અંગેના વર્કશોપનું આયોજન કરાયું.

### ૨) નાટયધારા :-

★ તા. ૧૦-૨-૨૦૧૫ ના રોજ, અંગ્રેજીના જાણીતા સાહિત્યકાર શેકસપિયરના નાટક 'હેમલેટ' પર આધારીત હિન્દી મુવી 'હૈદર' વિદ્યાર્થીઓને બતાવવામાં આવ્યું.

★ તા. ૧૦-૩-૨૦૧૫ ના રોજ, ગુજરાતી ચલચિત્ર 'બે યાર' બતાવવામાં આવ્યું.

## ૧૨) અભ્યાસવર્તુળ અંતર્ગત પ્રવૃતિઓ :–

### ૧) કમ્પ્યુટર વિભાગ :-

★ તા. ૧૯-૨-૨૦૧૫, Best Power Point Presentation ની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ૯૦ જેટલી વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને તેમાંથી ૦૯ વિદ્યાર્થીનીઓએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતા ક્રમ પ્રાપ્ત કર્યા હતા. નિર્ણાયકશ્રી તરીકે, શ્રી ધોકિયા સાહેબ તથા શ્રી ગોકુલગાંધી સાહેબે ભૂમિકા ભજવી હતી અને સ્પર્ધા અંગેનું સફળ આયોજન કરવામાં શ્રી કલ્પનાબહેન જોષી અને શ્રી સુનીતાબહેન પોપટીયાએ જહેમત ઉઠાવી હતી.

### ૨) કોમર્સ વિભાગ (અંગ્રેજી માધ્યમ) :-

★ તા. ૦૭-૦૨-૨૦૧૫ ના રોજ, મહિલા કોલેજમાં યોજાનાર ડિસ્ટ્રીકટ લેવલના સ્ટુડન્ટ સેમિનારમાં રજુ કરવા માટે, Research Paper કેવી રીતે તૈયાર કરવું ?' તે અંગેની માહિતી પુરી પાડવામાં આવી હતી. જેમાં પ્રિ.શ્રી ડૉ. નાગર સાહેબે રીસર્ચ અંગે વિદ્યાર્થીનીઓને જરૂરી માહિતી પુરી પાડી હતી. ત્યારબાદ શ્રી કલ્પનાબહેન જોષીએ રીસર્ચ માટે વિષયની પસંદગી અને તેની છણાવટ કેવી રીતે કરવી ? તે બાબત સમજાવી હતી અને અંતમાં, પ્રા. ઋષિ પંડયાએ PPT દ્વારા સંશોધન અહેવાલ તૈયાર કરવા અંગેની ટેકનિક દર્શાવી હતી.

★ તા. ૧૪-૦૨-૨૦૧૫ ના રોજ, પ્રા. ઋષિ પંડયા દ્વારા 'Story Making Competition' નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આશરે ૨૦ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. જેમાં નિર્ણાયકશ્રી તરીકે પ્રા. મિતલ જેઠવા તથા પ્રા. ચાંદની દવેએ ભૂમિકા ભજવી હતી. જેમાં, (૧) કુ. આયુષી મદલાણી, સેમ-૨, (૨) કુ. દિવ્યા અટારા, સેમ-૫ તથા (૩) કુ. આરતી વાજા અને કુ. રિદ્ધિ લુક્કા, સેમ-૪ ને વિજેતા જાહેર કરવામાં આવ્યા.

★ તા. ૨૮-૦૨-૨૦૧૫ ના રોજ, મહિલા કોલેજમાં આયોજીત – District Level Student Seminar કોમર્સ – અંગ્રેજી માધ્યમની આશરે ૪૦ જેટલી વિદ્યાર્થીનીઓએ અલગ અલગ થીમ હેઠળ રીસર્ચ પેપર તૈયાર કરીને રજુ કર્યા હતા. જેમાં ૦૬ વિદ્યાર્થીનીઓએ 'Best Paper Presentation Award' પ્રાપ્ત કર્યો હતો. જેમાં (EM) સેમ-૬ની વિદ્યાર્થીનીઓ કુ. બંસી લાખાણી, કુ. પ્રિયા ચૌહાણ, કુ. ચુંડાવદરા માયા, કુ. મિરાલી બારોટ, કુ. દિપ્તી દવે, કુ. કિંજલ ગાંધી અને કુ. સરાફ સાબદીયાનો સમાવેશ થાય છે.

### ૩) હોમસાયન્સ વિભાગ :-

★ તા. ૦૩-૦૩-૨૦૧૫ ના રોજ, Expert Lecture નું આયોજન કરાયું હતું. પ્રા. વિપુલભાઈ દાસાણી દ્વારા યદ્યણ:?ભ તબ્શ્મ અંગે માહિતી પુરી પાડવામાં આવી હતી.

## ૧૩) વર્ષગાંઠ અભિનંદનઃ-

પ્રસ્તુત અંકમાં, એપ્રિલ, મે, જૂન તથા જુલાઈ - ૨૦૧૫ માં જેમની વર્ષગાંઠ આવી રહી છે. તેમને શુભકામનાઓ પાઠવવાં 'જ્યોતિર્ગમય' ની ટીમ અત્યંત આનંદ અનુભવે છે.

**એપ્રિલ-૨૦૧૫**

૧) તા. ૦૫/૦૪/૧૫ - ડૉ. મૂળજીભાઈ વાઘેલા
૨) તા. ૦૩/૦૪/૧૫ - શ્રી ધીરૂભાઈ ધોકિયા
૩) તા. ૦૮/૦૪/૧૫ - ડૉ. જયશ્રીબહેન પરમાર

**મે-૨૦૧૫**

૧) તા. ૧૨/૦૫/૧૫ - ડૉ. કેતનભાઈ શાહ
૨) તા. ૦૧/૦૫/૧૫ - શ્રી કલ્પનાબહેન જોષી

**જુન-૨૦૧૫**

૧) તા. ૦૧/૦૬/૧૫ - પ્રા. ભરતભાઈ ડોડીયા
૨) તા. ૧૫/૦૬/૧૫ - શ્રી ભાસ્કરભાઈ જાની
૩) તા. ૦૯/૦૬/૧૫ - શ્રી યોગેશભાઈ જોષી
૪) તા. ૧૦/૦૬/૧૫ - શ્રી સુરેશભાઈ ગોરસિયા
૫) તા. ૦૧/૦૬/૧૫ - શ્રી વાનાભાઈ પરમાર
૬) તા. ૦૮/૦૬/૧૫ - પ્રા. રિદ્ધિબેન ગોટેચા
૭) તા. ૧૧/૦૬/૧૫ - શ્રી સતીષ રાવલ
૮) તા. ૦૧/૦૬/૧૫ - શ્રી કાનાભાઈ કોડીયાતર

**જુલાઈ-૨૦૧૫**

૧) તા. ૨૪/૦૭/૧૫ - આદરણીય ટ્રસ્ટીશ્રી ભરતભાઈ ઓડેદરા
૨) તા. ૨૨/૦૭/૧૫ - આદરણીય ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વિસાણા
૩) તા. ૧૮/૦૭/૧૫ - ડૉ. સુલભાબેન દેવપુરકર
૪) તા. ૦૫/૦૭/૧૫ - પ્રા. નાથીબહેન રાજશાખા
૫) તા. ૧૯/૦૭/૧૫ - પ્રા. શૈલેષભાઈ મહેતા
૬) તા. ૨૦/૦૭/૧૫ -શ્રી મુકુલભાઈ ગોકુલગાંધી

ઉપરોક્ત સૌને તેમની વર્ષગાંઠ નિમિતે ડૉ. વી.આર.જી. મહિલા કોલેજ પરિવાર વતી ખૂબ ખૂબ અભિનંદન સાથે ભાવિ પ્રગતિ માટે શુભકામનાઓ.

## ૧૪) ટીચર્સ કોર્નર :-

### Golden Rules for Time Management

**1. Accomplish more with less effort**

By talking control of your time, you're able to stay focused on the task at hand. This leads to higher efficiency since you never lose momentum.

**2. Make better decision**

There are many choices in life and often-times we're faced with many choices to choose from at the same time. When you practice good time management, you have more time to breathe. When you feel pressed for time and have to make a decision, you're more likely to jump to conclusion and not fully consider the different options; this leads to poor decision making.

**3. Be more successful**

Time management is the key to success; it allows you to take control of your life rather than follow the flow of others. You accomplish more, you make better decision and you work more efficiently; this leads to a more successful life.

**4. Learn more**

When you control your time and work more efficiently.

**5. Reduce stress**

With good time management, you know how much time you have, how long it will take to get yours tasks done, you accomplish more and have more free time.

**6. Higher quality work**

By implementing time management skills, you are able to get more done in a shorter period of time leading to more free time.

**7. Creates discipline**

When you practice good time management in you life, you are less likely to postpone. Time management leads to higher productivity and leads to a disciplined life.

**- By Kalpna Joshi (Com. Sci. Dept. )**

આપણી ડોઢાણિયા કોલેજમાં પ્રવેશ મેળવતી વખતે વિદ્યાર્થીનીઓ એક સ્વપ્ન લઈને આવે છે. ત્રણ વર્ષને અંતે જ્ઞાનનો વૈભવ લઇને સમાજમાં જાય છે. આ જ્ઞાન તેમને જ્ઞાન તેમને ઘણું ઉપયોગી થાય છે. આવી વાત જ્યારે ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓ કોલેજમાં આવે ત્યારે જાણવા મળે છે. કેટલીક વિદ્યાર્થીનીઓ અભ્યાસ અધુરો મુકી દે છે. તેમને ખાસ જણાવવાનું કે તેઓ અભ્યાસનું મહત્વ સમજીને ભણતર પૂર્ણ કરે. કારણ કે, આ માત્ર એક સર્ટિફીકેટ નથી, જ્ઞાન પણ છે. જરૂરી નથી કે નોકરી કરવી જ જોઈએ. એ સિવાય પણ શિક્ષણ ઉપયોગી થતું હોય છે. તેથી તેઓ અભ્યાસ પૂર્ણ કરે તે ઈચ્છનીય છે.

- ડી.ડી. ધોકીયા
કમ્પ્યુટર પ્રોગ્રામર

Let's Enjoy the digits

Figures appear everywhere around us. They help us in submitting and admitting any matter in practical manner. They themselves speak, if they are used properly. H.G. wells has once said that the people, in future, will understand and speak the language of figures.

- Vipul Dasani
(Dept. of Commerce - E.M.)

**A way of life A to Z**

Always Be Cool
Don't Have
Ego with Friends and Family
Give up Hurting Individuals
Just Keep Loving Mankind
Never Omit Prayers
Quitely Remember god
Speak Truth
Use Valid Words
Xpress Your Zeal

Kotecha Janki M.

## ૧૫) સ્ટુડન્ટ કોર્નર :-

PRAYER
Be Careful

Be careful with your eyes what you see (2)
There is God up above
who is watching you with love
so be careful your eyes what you see.

Be careful with your ears what you hear (2)
There is God up above
who is watching you with love
so be careful with you ears what you hear.

Be careful with your tongue what you say (2)
There is God up above
who is watching you with love
so be careful with your tongue what you say

Be careful with your heart what you love (2)
There is God up above
who is watching you with love
so be careful with your heart what you love

Khorava Hasmita M. (F.Y.B.Com. (IT) Sem-1)

## ૧૬) પ્રિન્સિપાલશ્રીની કલમે :-

My Dear students,

The academic term is now coming to a close. And as you complete your examination schedule let me give all of you an important advice. Remember, as you step out of the precincts of this temple of learning you would need to understand that in life theory and practice go hand-in-hand. Live and lead a life that would make your parents, your institution, your state and your country proud.

Jai Hind....

Dr. Nagar sir,
Principal

## ૧૭) તંત્રી સ્થાનેથી :-

આપણા નવા વર્ષનો પ્રારંભ ચૈત્ર સુદ એકમ પ્રતિપદાયી થાય છે અને નવા વર્ષનો તે પહેલો દિવસ હોવાથી તેનું વિશેષ મહત્વ છે. સૃષ્ટિના નિર્માણ કાર્યનો પ્રારંભ આ દિવસે થયો. સૃષ્ટિ સંરક્ષક પ્રભુએ સંસારના પરિત્રાણ માટે મત્સ્યરૂપમાં પહેલો અવતાર લીધો. તેથી વૈશ્વિક ઈતિહાસની દષ્ટિએ પણ આ દિવસનું આગવું મહત્વ છે. મહારાષ્ટ્રમાં આ દિવસ 'ગૂડી પડવા' તરીકે આ ઉત્સવ વધુ પ્રચલિત છે. એમ કહેવાય છે કે આ જ દિવસે પ્રભુ રામચંદ્રે વાલીના ત્રાસમાંથી લોકોને મુકત કર્યા હતા. તેની ખુશાલીમાં પ્રજાએ ઘરે ઘરે ઉત્સવના રૂપમાં ગૂડી (ધ્વજા) ઉભી કરી આ દિવસ ઉત્સવ તરીકે ઉજવ્યો. તેથી ગૂડી પડવો નામ પ્રચલિત થયું.

જેમ પ્રભુ રામચંદ્રએ વાલી ઉપર વિજય પ્રાપ્ત કર્યો અને શાલિવાહને શકોનો પરાભવ કર્યો, તેમ આપણા જીવનમાં નિર્માણ થતી આસુરીવૃતિ ઉપર આપણે વિજય પ્રાપ્ત કરવાનો છે. સમાજમાં આસુરીવૃતિનું-ભોગવાદનું પ્રભુત્વ વધ્યું છે. ત્યારે આ દિવસના પ્રાતઃકાળથી ભોગવાદી વિચારસરણી સામે યુદ્ધે ચડી નૈતિક અને સાંસ્કૃતિક મૂલ્યોની પુનઃસ્થાપના કરી આજના મંગલ દિવસે શુભ સંકલ્પ પુરા કરવાનું સામર્થ્ય પ્રભુ આપણને આપે એ ભાવનાથી નૂતનવર્ષના આ મંગલ પ્રસંગની ઉજવણી કરીએ.

**ડૉ. રેખાબહેન મોઢા**
**પ્રા. વર્ષાબહેન જોષી**
**શ્રી સુરેશભાઈ ગોરસીયા**
**શ્રી કલ્પનાબહેન જોષી**
**પ્રા. ઋષિભાઈ પંડયા**